RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૧૩ | શનિવાર, તા.૩૧-૦૧-૨૦૨૬ | અંક : ૨૭ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

સેનેટમાં ફેન્ડિંગ બિલ અટકતા અમેરિકામાં આંશિક શટડાઉનની સ્થિતિ

રાષ્ટ્રપતિ ટ્રમ્પની કડક ઈમિગ્રેશન નીતિઓ પર ચાલી રહેલી મડાગાંઠથી અનેક રાજ્યોમાં કામકાજ અટકી ગયું : સોમવારે ગૃહમાં મતદાન થવાની શક્યતા

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સમાં ફરી એકવાર આંશિક શટડાઉન શરૂ થયું છે. યુએસ કોંગ્રેસ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ ની સમયમર્યાદા સુધીમાં ભંડોળ બિલ પસાર કરવામાં નિષ્ફળ નીવડતા સરકારી ખર્ચ અટકી ગયો છે. આનું મુખ્ય કારણ રાષ્ટ્રપતિ ટ્રમ્પની કડક ઈમિગ્રેશન નીતિઓ પર ચાલી રહેલી મડાગાંઠ હોવાનું માનવામાં આવે છે.

યુએસ ઈતિહાસમાં સૌથી લાંબો શટડાઉન ગયા વર્ષે નવેમ્બરમાં સમાપ્ત થયો હતો, પરંતુ થોડા મહિનાઓ પછી, યુએસ ફરી એકવાર આંશિક શટડાઉનમાં પ્રવેશ્યું છે. કાયદા ઘડનારાઓ ૩૦ જાન્યુઆરીની સમયમર્યાદા સુધીમાં ભંડોળ બિલ પસાર કરવામાં નિષ્ફળ ગયા હોવાથી બીજું આંશિક શટડાઉન શરૂ થયું છે. બજેટ ફાળવણીમાં આ અવરોધ કેટલો સમય ચાલશે તે હજુ સ્પષ્ટ નથી. જોકે, સેનેટમાં ડેમોક્રેટ્સ, રિપબ્લિકન અને વ્હાઈટ હાઉસ વચ્ચેના તાજેતરના ગતિશીલતાને જોતાં, તે છેલ્લી વખત જેટલો લાંબો સમય ચાલવાની શક્યતા ઓછી છે.

સેનેટે શુક્રવારે સાંજે એક ખર્ચ બિલ પસાર કર્યું જે ગૃહ સુરક્ષા વિભાગ જે ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ અને બોર્ડર પેટ્રોલનું નિરીક્ષણ માટે ખર્ચને બે અઠવાડિયા માટે લંબાવશે જ્યારે કાયદા ઘડનારાઓ આઈસીઈ સુધારાઓ પર વાટાઘાટો કરી રહ્યા છે અને સપ્ટેમ્બર સુધીમાં અન્ય સરકારી એજન્સીઓને ભંડોળ પૂરું પાડે છે. મિનિયાપોલિસમાં ફેડરલ ઈમિગ્રેશન એજન્ટો દ્વારા રેની ગુડ અને એલેક્સ પ્રિટીના ગોળીબારમાં મૃત્યુ પછી ડીએચએસ અને આઈસીઈ વિવાદમાં ફસાયેલા છે. તાજેતરના દિવસોમાં, ડેમોક્રેટ્સે ઈમિગ્રેશન અમલીકરણમાં ફેરફારોની માંગ કરી છે, કામગીરીમાં વિક્ષેપ પાડવાની ધમકી આપી છે.

સૌથી મોટો વિવાદ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી અને તેની ગૌણ એજન્સીઓ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ અને બોર્ડર પેટ્રોલનો છે. મિનિયાપોલિસમાં ફેડરલ એજન્ટો દ્વારા બે નાગરિકોના ગોળીબારમાં મૃત્યુથી ડેમોક્રેટિક કાયદા ઘડનારાઓ રોષે ભરાયા છે. તેથી, ડેમોક્રેટ્સ ઈચ્છે છે કે બંને વિભાગ કઠોર સુધારા, જવાબદારી અને દેખરેખ લાગુ કરે - પછી જ તેઓ ભંડોળ માટે સંમત થશે.

હવે સોમવારે હાઉસ વોટ થવાની અપેક્ષા છે. બિલ હવે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં જશે, જે હાલમાં રિસેસ પર છે. રિપબ્લિકન હાઉસ સ્પીકર માઈક જોહ્ન્સને જણાવ્યું હતું કે, સોમવારે હાઉસ વોટ થવાની સંભાવના છે. એ નોંધવું જોઈએ કે આ સંપૂર્ણ બંધ નથી, પરંતુ ફક્ત આંશિક છે. કેટલીક એજન્સીઓ કાર્યરત રહેશે, જ્યારે કેટલીક સરકારી સેવાઓ હાલમાં બંધ રહેશે.

અફઘાનિસ્તાનની લોકપ્રિય રમત એટલે બુઝકાશી.આ રમતને જોવા માટે અફઘાન લોકો ટેકરીની ટોચ પર ચડી ગયા છે અને આનંદ માણી રહ્યા છે, જ્યારે મધ્ય એશિયાની પરંપરાગત રમત બુઝકાશી દરમિયાન ઘોડેસવારો સ્પર્ધા કરે છે.

ભારતે બંગાળની ખાડીમાં નવું બોટમ જાહેર કર્યું: રેન્જમાં ૩૧૯૦ કિલોમીટરનો કર્યો વધારો

બોટમને અનુલક્ષીને પાંચ અને છ ફેબ્રુઆરી સુધીમાં કોઈ પણ પ્રકારની ઉડાનને પરવાનગી નહીં

નવી દિલ્હી,

ભારતે ફરી એકવાર પાંચ અને છ ફેબ્રુઆરીએ બંગાળની ખાડીમાં નોટમ જાહેર કર્યું છે. મહત્વની વાત છે કે, આ નોટમને ૩૧૯૦ કિમી સુધી વધારી દેવામાં આવ્યું છે.આ પહેલા માત્ર ૨૫૩૦ કિમી સુધી જ હતું, પરંતુ હવે તે વધારીને ૩૧૯૦ કિમી કરી દેવામાં આવ્યું છે. બંગાળની ખાડીમાં આ વિસ્તારને ખાલી કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. એટલે કે, તારીખ પાંચ અને છ ફેબ્રુઆરી સુધીમાં કોઈ પણ પ્રકારની ઉડાનને પરવાનગી આપવામાં આવશે નહીં.

ભારત બંગાળની ખાડીમાં ફરી એકવાર એક મહત્વપૂર્ણ મિસાઈલ પરીક્ષણ કરી શકે છે. એટલા માટે નોટમની રેન્જ ૩૧૯૦ કિમી સુધી વધારી દેવામાં આવ્યું છે. નજીકમાં ભવિષ્યમાં કોઈ નવા જુનીના એંધાણ વર્તાઈ રહ્યાં છે. NOTAM જાહેર કરવામાં આવતા ભારત સમુદ્ર આધારિત મિસાઈલનું પરીક્ષણ કરવાની તૈયારી કરી રહ્યું છે, તેવી અટકળો વધી રહી છે. જોકે, મિસાઈલ પરીક્ષણ અંગે સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.સત્તાવાર કોઈ જાણકારી ના આવતા માત્ર અટકળો થઈ રહી છે, જો કે, એ વાત હકીકત છે કે, આ પહેલા ૨૨ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર સુધી બંગાળની ખાડીાં ૩૨૪૦ કિમી સુધીનું નોટમ જાહેર કર્યું હતું. પરંતુ અત્યારે શા માટે નોટમ જાહેર કરવામાં આવ્યું? ભારત બંગાળની ખાડીમાં શું કરવાનો પ્લાન બનાવી રહ્યું છે? તે બાબતે કોઈ ચોક્કસ જાણકારી મળી નથી.

વિગતે વાત કરવામાં આવે તો, નોટમ એટલે નોટિસ ટુ એરમેન. આ એક પ્રકારની એવી નોટિસ છે, જેમાં યુદ્ધ કે પછી યુદ્ધ જેવી અસામાન્ય પરિસ્થિતિમાં યુદ્ધાભ્યાસ સમયે જાહેર કરવામાં આવે છે.

રશિયાના વિકલ્પે ભારત હવે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદશે

અમેરિકાએ ભારતને વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાની મંજૂરી આપવાના સંકેતો આપ્યા

નવી દિલ્હી,

અમેરિકાએ ભારતને વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાની મંજૂરી આપવાના સંકેતો આપ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રની આ પહેલ પાછળનો મુખ્ય હેતુ રશિયા પરની નિર્ભરતા ઘટાડવાનો અને યુક્રેન યુદ્ધ માટે રશિયાને મળતા ભંડોળને રોકવાનો છે. અમેરિકાએ રશિયન તેલ પર લાદેલા ભારે ટેરિફને કારણે ભારત હવે રશિયા પાસેથી તેલની આયાતમાં મોટો ઘટાડો કરવા જઈ રહ્યું છે.જો ભારત અમેરિકાની વાત માને તો તેનો સીધો ફાયદો ટેરિફ ડીલ પર થઈ શકે છે.

યુક્રેન યુદ્ધ બાદ રશિયન તેલનો સૌથી મોટો ખરીદદાર બનેલ ભારત હવે પોતાના આયાત સ્ત્રોતોમાં ફેરફાર કરી રહ્યું છે. જાન્યુઆરીમાં રશિયા પાસેથી તેલની આયાત જે ૧૨ લાખ બેરલ પ્રતિ દિવસ હતી, તે ફેબ્રુઆરીમાં ઘટીને ૧૦ લાખ અને માર્ચમાં ૮ લાખ સુધી નીચે આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભવિષ્યમાં આ આંકડો ૫ થી ૬ લાખ બેરલ સુધી પણ નીચે જઈ શકે છે. રશિયન તેલ પર અમેરિકાએ લાદેલો ટેરિફ ૫૦% સુધી પહોંચી જતા હવે રશિયાનું તેલ ભારત માટે આર્થિક રીતે સસ્તું રહ્યું નથી.

અમેરિકાની આ નીતિમાં પરિવર્તન પાછળ વેનેઝુએલાની તાજેતરની રાજકીય સ્થિતિ જવાબદાર છે. માર્ચ ૨૦૨૫ માં રાષ્ટ્રપતિ ટ્રમ્પે વેનેઝુએલાના તેલ પર ૨૫% ટેરિફ લગાવ્યો હતો, પરંતુ જાન્યુઆરીમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની અમેરિકી સેના દ્વારા ધરપકડ બાદ વોશિંગ્ટનની નીતિ બદલાઈ છે. હવે અમેરિકા ઈચ્છે છે કે ભારત રશિયાના વિકલ્પે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદે. જોકે, ભારતીય રિફાઈનરોનું માનવું છે કે વેનેઝુએલાના તેલનો મોટો જથ્થો હાલ અમેરિકા તરફ જઈ રહ્યો છે, પરંતુ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જેવી રિફાઈનરીઓ વેનેઝુએલાના હાઈ-સલ્ફર ક્રૂડને પ્રોસેસ કરવા સક્ષમ છે.

ભારતના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પ્રાણ હરદીપ સિંહ પુરીએ પણ તેલ સ્ત્રોતોમાં વિવિધતા લાવવાના સંકેત આપ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ભારત મધ્ય પૂર્વ, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના દેશો પાસેથી ખરીદી વધારી રહ્યું છે. રશિયા પાસેથી આયાત બે વર્ષના સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ છે. આ વ્યૂહાત્મક પગલું માત્ર ભારતની ઉર્જા સુરક્ષા માટે જ નહીં, પરંતુ અમેરિકા સાથેના વ્યાપારિક સંબંધોને મજબૂત કરવા માટે પણ અત્યંત મહત્વનું સાબિત થશે.

પ. બંગાળમાં મેમો ફેક્ટરીના ગોડાઉનમાં આગથી ૨૭ લોકોના મોતની આશંકા

આગની ઘટના બાદ ૨૭ લોકો લાપત્તા : પોલીસે અત્યાર સુધીમાં ૪ લોકોની ધરપકડ કરી

નાઝીરાબાદ,

પશ્ચિમ બંગાળના નાઝીરાબાદમાં આવેલી મોમો ફેક્ટરીના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૭ લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે મૃતદેહોની ઓળખ કરવી પણ મુશ્કેલ બની ગઈ છે.આ આગમાં બે મોટા ગોડાઉન બળીને ખાખ થઈ ગયા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી જે માનવ અવશેષો મળી આવ્યા છે તે એટલી હદે બળી ગયા છે કે તેમને ઓળખવા અશક્ય છે. અત્યાર સુધીમાં ૨૭ ગુમ થયાની ફરિયાદો મળી છે. ફોરેન્સિક ટીમે ખોપરી અને હાડકાં સહિત ૧૬ નમૂના એકત્ર કર્યા છે, જેની ઓળખ માટે પરિવારના સભ્યોના ડ્નડ્ન સાથે મેચ કરવામાં આવશે.આ ઘટના બાદ પશ્ચિમ બંગાળમાં રાજકીય ગરમાવો આવ્યો છે. ભાજપના નેતા શુભેન્દુ અધિકારીએ નરેન્દ્રપુરમાં વિશાળ રેલી કાઢીને મમતા બેનર્જી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે ઘટનાના પાંચ દિવસ બાદ પણ મુખ્યમંત્રીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી નથી. વધુમાં તેમણે દાવો કર્યો કે આ ગોડાઉનો જળાશયો પૂરીને ગેરકાયદેસર રીતે બનાવવામાં આવ્યા હતા અને તેમાં ફાયર સેફ્ટીના કોઈ નિયમોનું પાલન થતું નહોતું. વડાપ્રધાન કાર્યાલય (PMO) એ આ દુર્ઘટનાને અત્યંત દુ:ખદ ગણાવી છે.

ે મોદીએ મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ (PMNRF) માંથી મૃતકોના વારસદારોને રૂા.૨ લાખ અને ઈજાગ્રસ્તોને રૂા.૫૦,૦૦૦ ની સહાયની જાહેરાત કરી છે.

આ કેસમાં કાર્યવાહી કરતા બંગાળ પોલીસે અત્યાર સુધીમાં કુલ ૪ લોકોની ધરપકડ કરી છે. શુક્રવારે મોમો ફેક્ટરીના બે સિનિયર અધિકારીઓ, મેનેજર મનોરંજન શીટ અને ડેપ્યુટી મેનેજર રાજા ચક્રવર્તીની ધરપકડ કરવામાં આવી છે. આ પહેલા ગોડાઉનના માલિક અને અન્ય એકની અટકાયત કરવામાં આવી હતી.

રાજસ્થાનમાંથી પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના એજન્ટની કરાઈ ધરપકડ

રાજસ્થાન ઈન્ટેલિજન્સ બ્યૂરોએ પોખરણમાંથી શખ્સને ઝડપી લઈ તપાસ હાથ ધરી

જેસલમેર

રાજસ્થાન ઈન્ટેલિજન્સે મોટી કાર્યવાહીમાં, ગુપ્ત માહિતી લીક કરવાના આરોપમાં પોખરણથી આઈએસઆઈ એજન્ટની ધરપકડ કરી.

રાજસ્થાન ઈન્ટેલિજન્સે રાજ્ય સુરક્ષા સંબંધિત એક ગંભીર કેસનો પર્દાફાશ કર્યો છે અને જેસલમેર જિલ્લાના પોખરણ વિસ્તારમાંથી એક આઈએસઆઈ એજન્ટની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ ઝાબરારામ તરીકે થઈ છે, જે ભાણારામનો પુત્ર છે, જે નેદાન ગામ, પોલીસ સ્ટેશન, સંકડા, તહેસીલ પોખરણ, જેસલમેર જિલ્લાનો રહેવાસી છે.

રાજસ્થાનના અધિક પોલીસ મહાનિર્દેશક (ગુપ્તચર) પ્રફુલ્લ કુમારે જણાવ્યું હતું કે, રાજસ્થાન ઈન્ટેલિજન્સ રાજ્યમાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ દ્વારા કરવામાં આવતી જાસૂસી પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી રહ્યું છે. આ દેખરેખ દરમિયાન, ઝાબરારામની પ્રવૃત્તિઓ શંકાસ્પદ મળી આવી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા પાકિસ્તાની ગુપ્તચર એજન્સી સાથે સતત સંપર્કમાં હતો.માહિતી બાદ ઝાબરારામને જયપુરના સેન્ટ્રલ ઈન્ટરોગેશન સેન્ટરમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં વિવિધ કેન્દ્રીય અને રાજ્ય ગુપ્તચર એજન્સીઓએ સંયુક્ત રીતે તેની પૂછપરછ કરી હતી. પૂછપરછની સાથે, તેના મોબાઈલ ફોન અને ડિજિટલ ઉપકરણોની તકનીકી તપાસ કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે આરોપી હનીટ્રેપ અને પૈસાની લાલચના પ્રભાવ હેઠળ આઈએસઆઈ હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતો, ભારતીય સેના સાથે સંબંધિત વ્યૂહાત્મક માહિતી શેર કરતો હતો. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપીએ પોતાના નામે જારી કરાયેલા સિમ કાર્ડનો ઓટીપી શેર કરીને, આઈએસઆઈ હેન્ડલર્સ દ્વારા ભારતમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ કરવા માટે વોટ્સએપ એકાઉન્ટ ડાઉનલોડ અને સંચાલિત કરવામાં મદદ કરી હતી. આ માધ્યમ દ્વારા સંવેદનશીલ માહિતી પાકિસ્તાનમાં ટ્રાન્સમિટ કરવામાં આવી રહી હતી.

એપ્સ્ટીન ફાઈલ્સમાં વિશ્વના ટોચના પાવરફુલ લોકો સામે ગંભીર આક્ષેપોથી ખળભળાટ

એપ્સ્ટીન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ' હેઠળ જાહેર કરવામાં આવેલા આ દસ્તાવેજોમાં ૩૦ લાખથી વધુ પેજ, ૧.૮૦ લાખ તસવીરો અને ૨૦૦૦ વીડિયો ક્લિપ્સ સામેલ

વોશિંગ્ટન

અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા 'એપ્સ્ટીન ફાઈલ્સ'ના અંતિમ અને સૌથી મોટા જથ્થાએ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. આ દસ્તાવેજોમાં અત્યાર સુધીના સૌથી ચોંકાવનારા અને ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

'એપ્સ્ટીન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ' હેઠળ જાહેર કરવામાં આવેલા આ દસ્તાવેજોમાં ૩૦ લાખથી વધુ પેજ, ૧.૮૦ લાખ તસવીરો અને ૨,૦૦૦ વીડિયો ક્લિપ્સ સામેલ છે. આ ફાઈલ્સ જેફ્રી એપ્સ્ટીનના સગીરાઓના યૌન શોષણ અને ટ્રાફિકિંગ નેટવર્કની પોલ ખોલે છે. દસ્તાવેજોમાં એક મહિલાનો ઉલ્લેખ છે જેણે દાવો કર્યો છે કે ૨૫ વર્ષ પહેલા જ્યારે તે ૧૩-૧૪ વર્ષની હતી, ત્યારે ન્યૂ જર્સીમાં ટ્રમ્પ દ્વારા તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.

દસ્તાવેજોમાં એક મહિલાનો ઉલ્લેખ છે જેણે દાવો કર્યો છે કે ૨૫ વર્ષ પહેલા જ્યારે તે ૧૩-૧૪ વર્ષની હતી, ત્યારે ન્યૂ જર્સીમાં ટ્રમ્પ દ્વારા તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.

ટ્રમ્પની પુત્રીનું નામ પણ એક ઈમેલના સંદર્ભમાં સામે આવ્યું છે. જેમાં લખ્યું છે કે જેરેડ કુશનર અને ઈવાન્કા ટ્રમ્પ વિકી વોર્ડની બુક માટે તૈયાર થઈ રહી છે.

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કનું નામ એપ્સ્ટીનના ટાપુની મુલાકાતોના સંદર્ભમાં નોંધાયેલું છે.બિલ ગેટ્સ સામે રશિયન યુવતીઓ સાથેના સંબંધો અને તેના કારણે થયેલા ગુપ્ત રોગના ગંભીર આક્ષેપો છે.

આ લિસ્ટમાં માત્ર નેતાઓ જ નહીં પરંતુ મનોરંજન અને વિજ્ઞાન જગતના લોકો પણ સામેલ છે. જેમાં માઈકલ જેક્સન, સ્ટીફન હોકિંગ, પ્રિન્સ એન્ડ્રુ, રિચર્ડ બ્રેન્સન, વુડી એલન અને લિયોનાર્ડો ડીકેપ્રિઓ જેવા અનેક મોટા નામોનો ઉલ્લેખ છે. જોકે, ન્યાય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આમાંના ઘણા આક્ષેપો હજુ તપાસ હેઠળ છે અથવા 'ટિપ્સ' સ્વરૂપે મળેલા છે.

અમેરિકાના પ્રમુખ ઈઝરાયલના ઈશારે કામ કરતા હોવાનો દાવો

જેફ્રી એપસ્ટિન સાથે જોડાયેલા નવા દસ્તાવેજો જાહેર કરવામાં આવતા કેટલાક નવા ખુલાસા થયા છે. એક રિઅમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલના ઈશારે કામપોર્ટમાં દાવો કરાયો છે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલના ઈશારે કામ કરે છે.

રિપોર્ટમાં આરોપ લગાવાયો છે કે ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર ટ્રમ્પના બિઝનેસ તથા વ્હાઈટ હાઉસના કામકાજમાં સીધો દખલ કરે છે. તથા કુશનરના પરિવારના ભ્રષ્ટાચાર, નાણાંની લેવડદેવડ તથા કટ્ટર યહૂદી નેટવર્ક વચ્ચે સંબંધ રહ્યા છે. કુશનરના પિતાને નાણાકીય ગેરરીતિ મામલે દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જોકે બાદમાં ટ્રમ્પે અમેરિકાના પ્રમુખની સત્તાનો ઉપયોગ કરી તેમને ક્ષમા આપી દીધી. નવા દસ્તાવેજોમાં એ પણ ઘટસ્ફોટ થયો છે કે ટેસ્લામાં માલિક ઈલોન મસ્ક તથા એપસ્ટિન વચ્ચે ઈમેલ પર વાતચીત થઈ હતી. એપસ્ટિને મસ્કને વર્જિન આઈલેન્ડ્સ પર આવવા માટે આમંત્રણ આપ્યું હતું. જોકે દસ્તાવેજોમાં એ સ્પષ્ટ નથી થયું કે મસ્ક ત્યાં ગયા હતા કે નહીં.